ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# અક્ષરધામ આસપાસના ૧૦૦ દબાણો હટાવાયા

**સે-૨૦માં અક્ષરધામ પાસે જેસીબી સાથે તંત્ર ત્રાટક્યુ ઝુંપડાના ૧૦૦ દબાણો દુર કરી મેદાન ખુલ્લુ કરાયુ : અક્ષરધામ નજીક સવારથી દબાણો દુર કરવા પોલીસ બન્દોબસ્ત વચ્ચે દબાણ દુર કરવા આખો દિવસ કામગીરી ચાલી : ૩ જે સી બી મશીન સાથે અધિકારીઓની ટીમ કામે લાગી : વર્ષો જુના દબાણો દુર કરાયા**



ગાંધીનગર તા ૨૪

સ્માર્ટ બનતા ગાંધીનગરના સેકટરોમાં દબાણની સમસ્યા પેચીદી બની છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ દબાણો વધી રહ્યા છે. સેકટરોના એપ્રોચ પાસે તેમજ વન આરક્ષિત વિસ્તારમાં પણ ઝુંપડાના દબાણોની હારમાળા જોવા મળે છે. શહેરના સે-૨૦ માં પણ અક્ષરધામ નજીક વર્ષોથી સ્થિત ઝુંપડાના દબાણો દુર કરવા આજે તંત્રની ટીમ પોલીસ બન્દોબસ્ત વચ્ચે કામે લાગી હતી જે સી બી મશીનની મદદથી દિવસ દરમિયાન તંત્રએ ૧૦૦ જેટલા દબાણો દુર કરીને મેદાનમાં જગ્યા ખુલ્લી કરી હતી.

ગાંધીનગરમાં દાયકાઓથી દબાણની સમસ્યા યથાવત છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ લારી ગલ્લાના દબાણો વધ્યા છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં પણ દબાણોની હારમાળા સર્જાઇ છે. વધતા દબાણોના લીધે અનેક સમસ્યાઓ પણ ઉદભવે છે. સેકટરોના પાર્કીંગ પ્લેસ પણ દબાણોની ગિરફતમાં છે. જેના લીધે પાર્કીંગની સમસ્યા જટીલ બની છે. શહેરના રહેણાંક અને કોર્મશિયલ વિસ્તારમાં દબાણોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. સે- ૬ ના મેદાનમાં પણ દબાણોનુ પ્રમાણ વધ્યુ છે. સેકટરોના એપ્રોચ માર્ગ પાસે નજીકની જગ્યામાં પણ ઝુંપડાઓની કતાર જોવા મળે છે જેના લીધે સ્થાનિક રહીશો માટે પણ મુંઝવણભરી સ્થિતિ સર્જાઇ છે. સ્માર્ટ બનતા ગાંધીનગરમાં

● અનુસંધાન પાન-૭ પર

## ભારત માલા પ્રોજેક્ટમાં ખેડૂતોને બજાર ભાવ આપવા મુખ્યમંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૨૪

ભારત માલા પ્રોજેક્ટમાં ખેડૂતોના હિતોનું રક્ષણ કરી પોષણક્ષમ ભાવ મળે તે જોવુ જોઈએ તેવી રજૂઆત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વન ડે વન ડીસ્ટ્રીક્ટ કાર્યક્રમમાં પણ સૂર રજુ થયો હતો.

**વન ડે વન ડીસ્ટ્રીક્ટ અંતર્ગત કાર્યકરો અને આગેવાનો સાથે મુખ્યમંત્રીએ ખુલ્લા દિલે વાતો કરી**

સૌરાષ્ટ્ર પટેલ સમાજવાડી સે. ૧૨ ખાતે યોજાયેલી આ કાર્યક્રમ અંતર્ગત કાર્યકર્તાઓને રજૂઆત કરવા જણાવાયુ ત્યારે આ મુદો ઉપસ્થિત કરાયો હતો. આજની આ બેઠકમાં ખેતી બેંકના ધિરાણના દર ઊંચા હોવા ઉપરાંત જિલ્લામાં જંત્રીના વિસંગતતાઓનો મુદ્દો, જિલ્લામાં વધતા જતા માર્ગ અકસ્માતના કેસો, જિલ્લામાં બટાટા ઉત્પાદકોને ઝડપથી સહાય મળે તે સહિતના ઘણા બધા પ્રશ્નો રજૂ થયા હતા.

આજે મુખ્યમંત્રીએ સંગઠનના હોદ્દેદારો, પંચાયતના ચૂંટાયેલા સભ્યો, કાર્યકરો, ધારાસભ્યો અને સાંસદો સાથે બેઠક કરી હતી. આ પછી તેમણે અધિકારીઓ સાથે અલગથી બેઠક કરી હતી.

મુખ્યમંત્રીએ સંગઠનના હોદ્દેદારો, કાર્યકરોની બેઠકને સંબોધતાં જણાવ્યુ હતુ કે કાર્યકર તરીકેની ઓળખ એ સૌથી મોટી ઓળખ છે. કાર્યકરની યોગ્ય સમયે યોગ્ય કદર પક્ષ દ્વારા થતી જ હોય છે એનું ઉદાહરણ તેઓ પોતે જ હોવાનું કહ્યુ હતુ.

તેમણે કહ્યુ કે વિકાસની સકારાત્મક રાજનીતિ નરેન્દ્રભાઈએ શરૂ કરી છે અને આજે સરકાર પણ એ માર્ગે જ આગળ વધી રહી છે. વિકાસ માટે સરકારનું મન ખુલ્લુ છે, સામુહિક વિકાસ એ અગ્રતા છે.

મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે વિકાસના મુદ્દે રજૂઆત કરવા કોઈપણ કાર્યકર ગમે ત્યારે તેમને સરળતાથી અને સહજતાથી મળી રજૂઆત કરી શકે છે. તેમણે જણાવ્યુ હતુ કે સંગઠન અને કાર્યકર એ મહત્વના છે. કાર્યકરની શક્તિ એ જ સંગઠનની તાકાત અને ઓળખ છે. આજે ત્રણ કલાક કરતાં પણ વધુ સમય સુધી વન ડે વન ડિસ્ટ્રીક્ટનો આ કાર્યક્રમ ચાલ્યો હતો. તેમણે ધારાસભ્યો અને કાર્યકરો તેમજ પંચાયતના સદસ્યો સાથે મળી વિકાસના કામો સૂચવે તે જરૂરી હોવાનું તેમજ અગત્યનું હોવા પર ભાર મુક્યો હતો.

અધિકારીઓ સાથે તેમણે રજૂ થયેલા પ્રશ્નો સંદર્ભે કેટલીક પૃચ્છાઓ કરી હતી તેમજ વહીવટીતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવા પર ભાર મુકી અને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. તેમણે વિકાસના ચાલી રહેલા પ્રોજેક્ટો અંગેની જાણકારી મેળવી હતી.

## શહેરમાં મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો

ગાંધીનગર, તા. ૨૪

આખો દિવસ ભીષણ ગરમી પડ્યા બાદ મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. ઉત્તર-પશ્ચિમના પવનો ફૂંકાયા હતા અને આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. પ્રિ-મોન્સુન એક્ટીવીટીની અસર જોવા મળી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીનગરમાં આકરી ગરમી પડી રહી છે. મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીથી વધુ નોંધાઈ રહ્યુ છે. મહત્તમ તાપમાનની સાથોસાથ લઘુત્તમ તાપમાન વધ્યુ છે. જેના કારણે રાત્રે ખુબ બફારો અનુભવાય છે.

આજે સવારથી જ આકરી ગરમી પડવી શરૂ થઈ હતી. મહત્તમ તાપમાન ૪૧ ડિ.સે. સુધી પહોંચી ગયુ હતુ. તાપમાન વધવાની સાથે જ ગરમ લુ ફૂંકાવવાની શરૂઆત થઈ હતી. આખો દિવસ ગરમ લુ ફૂંકાતા વસાહતીઓ ઘરમાં પુરાઈ રહ્યા હતા. જો કે મોડી સાંજે વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો શરૂ થયા હતા અને આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. પ્રિ-મોન્સુન એક્ટીવીટી શરૂ થઈ હોય તેવુ અનુભવાતુ હતુ.

હાલમાં ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ભીષણ ગરમી પડી રહી છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેતા સૌ

● અનુસંધાન પાન-૭ પર

## મનપાને મિલ્કતવેરાની આવક બે કરોડ થઈ

**ગત વર્ષની તુલનામાં આ વર્ષે આવક ઘટી અને વળતર યોજનાનો લાભ લેનાર મિલ્કતધારકોની સંખ્યા પણ ઘટી**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે મિલ્કતવેરાની વિક્રમી આવક નોંધાઈ છે. એક જ દિવસમાં રૂ. ૨ કરોડની આવક આજે નોંધાઈ છે. રૂ. ૧ કરોડ કરતાં વધુ આવક એક જ દિવસમાં થઈ હોય તેવી ઘટના આ વર્ષે બે વખત બની છે.

ગાંધીનગર મનપા દ્વારા એડવાન્સ મિલ્કતવેરો ભરનાર માટે ખાસ વળતર યોજના ૩૧-૫-૨૩ સુધી ચાલુ રહેવાની છે. જેમ જેમ દિવસો મુદત પૂર્ણ થવાના નજીક આવી રહ્યા છે તેમ તેમ મિલ્કતધારકો દ્વારા મિલ્કતવેરો ભરવા માટે ધસારો વધી રહ્યો છે.

આજે મનપામાં ૧૫૮૦ કરતાં વધુ મિલ્કતધારકોએ મિલ્કતવેરો ભર્યો છે. મિલ્કતવેરાના બિલો જેમ જેમ મળી રહ્યા છે તેમ તેમ આ ધસારો વધી રહ્યો છે.

મિલ્કતવેરો ઓનલાઈન પણ સ્વીકારવામાં આવી રહ્યો છે. મનપામાં આજે થયેલ રૂ. બે કરોડની આવક સાથે મિલ્કતવેરાની વસુલી રૂ. ૧૯ કરોડને પાર થઈ ગઈ છે. મનપામાં ઓનલાઈન વેરો ભરનારાઓની સંખ્યા ૩૦ ટકા જેટલી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આજ તારીખ સુધી મનપાની મિલ્કતવેરાની આવક ગત વર્ષની તુલનામાં ઓછી છે એટલુ જ નહિ મિલ્કતધારકોની સંખ્યામાં પણ ગત વર્ષની તુલનામાં ઘટાડો જોવા મળ્યો છે. આ સૂત્રોના જણાવ્યાનુસાર ૨૪ મે-૨૦૨૨ના રોજ મનપાની મિલ્કતવેરાની આવક રૂ. ૨૧ કરોડથી વધુ નોંધાઈ હતી

● અનુસંધાન પાન-૭ પર


### પ્રાર્થના સભા



અમારા પુત્ર સ્વ. વશિષ્ઠની
**પ્રાર્થના સભા**
નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

: તારીખ :
૨૫-૫-૨૦૨૩ને ગુરૂવાર
સાંજે ૫-૦૦ થી ૭-૦૦ કલાક સુધી

: સ્થળ :
ઉમિયા માતાજી સંસ્થાન હોલ
બલરામ ભવન પાસે,
સેક્ટર-૧૨, ગાંધીનગર

વિરેન્દ્ર કે. વૈષ્ણવ દિલીપ કે. વૈષ્ણવ
ઉદય કે. વૈષ્ણવ
(7600043303)



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT



Education For Freedom
સૌથી વિશ્વસનીય સંસ્થા શિક્ષણ, શિસ્ત, સંસ્કાર અને સંભાળનો સમન્વય રાખતી સંસ્થા
**SAHJANAND SCHOOL OF ACHIEVER**
ADMISSION OPEN
SINCE 2007
Nursery to Std-10 & 11-12 (Science-Commerce) Guj./Eng. Med.
SARGASAN GANDHINAGAR
NEET JEE GUJCET BOARD ની સંપૂર્ણ તૈયારી એક જ સ્થળે

12TH SCIENCE - RESULT - 2022
KEVIN B-Group BOARD : 99.36 GUJCET : 99.78 NEET : 99.65
MIHIR A-Group BOARD : 99.96 GUJCET : 99.99 JEE : 99.64
KARAN B-Group BOARD : 98.79 GUJCET : 99.90 NEET : 98.96
DISHANT A-Group BOARD : 99.64 GUJCET : 99.68 JEE : 99.09
HARI B-Group BOARD : 98.70 GUJCET : 99.04 NEET : 97.73
SMIT A-Group BOARD : 99.96 GUJCET : 99.96 JEE : 98.74

12TH SCIENCE - RESULT - 2023
KRISHNA B-Group BOARD : 99.85 GUJCET : 99.43
HET B-Group BOARD : 99.82 GUJCET : 97.61
MAHEK B-Group BOARD : 99.76 GUJCET : 98.18
CHAITANYA A-Group BOARD : 99.21 GUJCET : 99.27
PANKTI B-Group BOARD : 99.07 GUJCET : 95.36
MEET A-Group BOARD : 98.83 GUJCET : 99.32

JEE
ANSH IIT, MAN IITRAM, SHRUTI IIT
SHUBHAM IIT, NISARG IIT, NISHA IIT, ROHAN IIT, MAYANK NIT
MANTHAN NIT, AMAN NIT, HARSH NIT, NIMESH NIT, SHYAM NIT

NEET
Rahul 672, Minkesh 655, Kevin 642, Vidhan 630, Zeel 627
Lipi 621, Kush 619, Karan 606, Jayrajsinh 602, Harshid 596, Deep 596, Vishal 590
Dhruvil 588, Kunjal 587, Nishant 580, Hari 565, Pramath 549, Henil 542

Location
472/B, Nr. KH-0 Circle, Sargasan, Gandhinagar,
Contact : 8460408880 | 9228008880 (Call us during 8:00 A.M. to 2:00 P.M.)


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com